# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

150 YEARS OF CELEBRATING THE MAHATMA | G20

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ suratdeo@gmail.com

web :-www.suratdeo.org


જા.નં./મા-૨/૨૦૨૪/૬૬૫૫૯ તા.૦૭/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ તમામ શાળાઓ (પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક)

સુરત, જિ.સુરત.

**વિષય :-** શાળાનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં/વાર્ષિક ઉત્સવોમાં Cyber Awarnessની પ્રવૃતિઓ કરાવવા બાબત.

**સંદર્ભ:-** માન.સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અને સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સમક્ષ થયેલ ચર્ચા અનુસાર.

ઉપરોક્ત વિષય અને અંદર્ભે અન્વયે જણાવવાનું કે હાલનાં સમયમાં રાજ્યમાં ઈન્ટરનેટ, AI અને સ્માર્ટ ફોનનાં ઉપયોગથી બનતા ગુનાઓમાં સાયબર ક્રાઈમના ગુનાઓ દિવસેને દિવસે વધી રહ્યાં છે. પ્રવર્તમાન સમયમાં Cyber Bullying, Digital Arrest, Cyber Fraud, Digital Scammer, Online Fraud જેવી ઘટનાઓ બની રહી છે. જેમાં નિર્દોષ જનતા ભોગ બની રહી છે. સદર બાબત તંત્રને ધ્યાને આવેલ છે અને તેની ગંભીરતા જોતાં જાહેર જનતા તથા વિધાર્થીઓ, વાલીઓ, શાળા સ્ટાફને જાગૃત કરવાનાં હેતુસર આપની શાળાનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં /વાર્ષિક ઉત્સવોમાં "cyber awarness"નાં મુદ્દાઓને ધ્યાને લઈને નાટિકા, કાવ્ય પઠન, માઈમ, એકપાત્ર અભિનય, સુરત શહેર પોલીસ કમિશનર અને સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા થયેલ પ્રવૃતિઓનું પ્રદર્શન કે અન્ય વિડીયો સંદેશ વગેરે પ્રવૃતિઓ કરાવવા આથી જણાવવામાં આવે છે. વધુમાં સદર બાબતે આપની શાળાની નજીકનાં પોલીસ સ્ટેશનમાં અધિકારીશ્રી અને કર્મચારીઓનાં સંપર્ક કરી તેઓની મદદ તથા માર્ગદર્શન મેળવી પ્રવૃત્તિ કરી શકાશે.

ઇ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

સવિનય નકલ રવાના:-

- માન.સુરત શહેર પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર પોલીસ કમિશનરની કચેરી, સુરત.
- માન.સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની કચેરી, સુરત ગ્રામ્ય.